# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં 12 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
2. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ-CSIR એ પેરાસિટામોલનું ઉત્પાદન કરવા માટે સ્વદેશી ટેક્નોલોજી વિકસાવી.
3. ગુજરાતના પોરબંદરના વિમાનમથકે હેલિકોપ્ટર તૂટી પડતાં ત્રણ જવાન શહીદ.
4. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન આજથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે.
5. ભારતીય સેનાના જવાન વરુણ તોમર 67મી રાષ્ટ્રીય શૂટિંગ સ્પર્ધા 2024ની પુરુષોની 10 મીટર એર પિસ્તોલની ફાઇનલમાં ચેમ્પિયન.
6. ઓસ્ટ્રેલિયાએ સિડનીમાં રમાયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં ભારતને છ વિકેટથી હરાવી શ્રેણી 3-1થી કબજે કરી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV-EVE.-PM-DELHI-PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં 12 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે કહ્યું કે, ભારતનું મેટ્રો નેટવર્ક એક હજાર કિલોમીટર સુધી વિસ્તર્યું છે જે એક નોંધપાત્ર સિદ્ધિ છે. તેમણે કહ્યું કે છેલ્લાં 10 વર્ષોમાં, મેટ્રો નેટવર્ક ક્ષેત્રે ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ બની ગયો છે. સરકારના વર્તમાન કાર્યકાળ દરમિયાન, ભારત વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું મેટ્રો નેટવર્ક ધરાવતો દેશ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે નમો ભારત પ્રોજેક્ટ પૂર્ણ થઈ જવાથી દિલ્હી-મેરઠ માર્ગ પર ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે.

(બાઇટ- પીએમ મોદી)

તેમણે કહ્યું કે, છેલ્લા એક દાયકામાં સરકારનું પ્રાથમિક ધ્યાન માળખાગત વિકાસ પર રહ્યું છે. તેમણે કહ્યું આજે આધાર માળખાકીય બજેટ વધીને 11 લાખ કરોડ રૂપિયા થયુ છે.

દરમ્યાન શ્રી મોદીએ સાહિબાબાદ આરઆરટીએસ સ્ટેશનથી ન્યૂ અશોક નગર સ્ટેશન વચએ નમો ભારત ટ્રેનમાં સવારી પણ કરી હતી. તેમણે સફર દરમ્યાન ટ્રેનમાં બેઠેલા બાળકો સાથે વાતચીત કરી હતી.તેમણે 6 હજાર ,230 કરોડ રૂપિયાના ખર્ચે દિલ્હી મેટ્રો ફેઝ-4ના 26.5 કિમી રિથાલા-કુંડલી સેક્શનનો શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ નવી દિલ્હીના રોહિણી ખાતે કેન્દ્રીય આયુર્વેદ સંશોધન સંસ્થા માટે લગભગ 185 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન નવી અત્યાધુનિક ઇમારતનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ સંકુલના કાર્યરત થવાથી અત્યાધુનિક આરોગ્ય સંભાળ અને મેડિસિન આધારમાળખું ઉપલબ્ધ થશે.

## EVE. PM-RALLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકાર પર કેન્દ્ર સાથેની લડાઈમાં એક દાયકાનો સમય વેડફવાનો આરોપ લગાવ્યો છે.

રોહિણીમાં જાપાની પાર્ક ખાતે એક રેલીને સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું કે, આગામી 25 વર્ષ દિલ્હીના વિકાસ માટે નિર્ણાયક છે. તેમણે કહ્યું કે, આ 25 વર્ષોમાં દેશ એક વિકસિત રાષ્ટ્ર બનશે. તેમણે કહ્યું કે, ગયા વર્ષે કેન્દ્ર સરકારે દિલ્હીમાં સુરક્ષા, આરોગ્ય સંભાળ અને વિકાસલક્ષી પહેલ માટે 75 હજાર કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરી હતી.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સરકારનો ઉદ્દેશ્ય દિલ્હીને એક એવી રાજધાનીમાં રૂપાંતરિત કરવાનો છે જે ભારતના સમૃદ્ધ વારસાને પ્રતિબિંબિત કરે છે. તેમણે દિલ્હીની વર્તમાન સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.

## DHANKAR – NCC

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે છે કે કોઈ પણ દેશ ત્યાં સુધી વિકાસ કરી શકતો નથી જ્યાં સુધી તેના નાગરિકો રાષ્ટ્રવાદ માટે ઊંડે સુધી પ્રતિબદ્ધ ન હોય. દિલ્હી ખાતે NCC પ્રજાસત્તાક દિવસ શિબિર 2025 ની મુલાકાત લેતા શ્રી ધનખડે જણાવ્યું હતું કે ભારતના વિકાસ માટે રાષ્ટ્રવાદ, સંગઠન અને રાષ્ટ્ર પ્રથમનાં અભિગમની જરૂર છે. શ્રી ધનખડે એનસીસીના પ્રદાનની પ્રશંસા કરતા જણાવ્યું કે, સંસ્થાએ શિસ્તબદ્ધ વર્ગ તરીકે વિકાસની આગેવાની લેવી જોઇએ. તેમણે રાષ્ટ્રના પરિવર્તન માટેના પાંચ સ્તંભ અંગે જણાવ્યું હતું..

(બાઇટ- જગદિપ ધનખડ-ઉપરાષ્ટ્રપતિ)

# PARACETAMOL-SINGH

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ-CSIR એ પેરાસિટામોલનું ઉત્પાદન કરવા માટે એક સ્વદેશી ટેક્નોલોજી વિકસાવી હોવાની જાહેરાત કરી છે.

નવી દિલ્હીમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગના સ્થાપના દિવસ પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં, તેમણે કહ્યું કે આ નવીન પહેલનો હેતુ ભારતને પેરાસિટામોલ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા અને આ દવા બનાવવા માટે આયાતી ઘટકો પર

નિર્ભરતા ઘટાડવાનો છે. તેમણે કહ્યું કે, બિનપરંપરાગત અને દવા-પ્રતિરોધક બેક્ટેરિયાની સારવાર માટે એન્ટિબાયોટિક-નાફિથ્રોમાસીન જેવી દવાઓ વિકસાવવામાં આવી છે.

## PORBANDAR HELICOPTER CRASH

ગુજરાતમાં પોરબંદરનાં વિમાનમથકે હેલિકોપ્ટર તૂટી પડતાં ત્રણ જવાન શહીદ થયા છે. ભારતીય તટરક્ષકનાં ગાંધીનગર સ્થિત પ્રાદેશિક વડામથકે એક યાદીમાં જણાવ્યું છે કે, આજે બપોરે પોરબંદર વિમાનમથકનાં એર એન્કલેવ પર પર એક હેલિકોપ્ટરને નડેલા અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર બે પાયલટ અને ચાલકદળનાં એક જવાન શહીદ થયા છે. નિયમિત તાલીમનાં ભાગ રૂપે ઉડાન દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.

ઘટના બાદ તરત જ પાયલટને પોરબંદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની તપાસ ચાલી રહી છે.

## BIHAR NIA ARREST

રાષ્ટ્રીય તપાસ એજન્સી- NIAએ બિહારના પટનામાં આતંકવાદને ભંડોળ પૂરું પાડવા સંબંધિત એક કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે.

દિલ્હી આંતરાષ્ટ્રીય હવાઇ મથક પરથી મોહમ્મદ સજ્જાદ આલમ નામના આરોપીની ધરપકડ કરાઇ છે.આરોપી બિહારના પૂર્વ ચંપારણ જિલ્લાનો રહેવાસી છે. જે કર્ણાટક અને કેરળ ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત સ્થિત સિન્ડિકેટ્સ દ્વારા બિહારમાં ગેરકાયદેસર ભંડોળ પહોંચાડવામાં સામેલ હતો.

આ ભંડોળનો ઉપયોગ ગુનાઇત અને ગેરકાનૂની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યો હતો. એજન્સીએ જણાવ્યું છે કે આરોપી પ્રતિબંધિત સંગઠન PFIનો સભ્ય છે જેની સામે પટનાની વિશેષ અદાલતે ધરપકડનું વોરંટ જારી કર્યું હતું.

## AJIT DOBHAL SULLIVAN MEET

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન ભારતની બે દિવસની મૂલાકાતે આજે દિલ્હી આવશે. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે વાતચીત કરશે. શ્રી. સુલિવાન વિદેશ મંત્રી એસ જયશંકર અને અન્ય ભારતીય નેતાઓને પણ મળશે.

# KOLKATA-FISHERMEN

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે માછીમારોની આપ-લે આજે સાંજે બંગાળની ખાડીમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પર પૂરી થઈ હતી. બાંગ્લાદેશમાં કથિત રીતે આંતરરાષ્ટ્રીય સરહદનું ઉલ્લંઘન કરવા બદલ અટકાયતમાં લેવાયેલા 95 ભારતીય માછીમારો ભારત પરત ફરી રહ્યા છે.

એ જ રીતે 90 બાંગ્લાદેશી માછીમારો તેમના દેશમાં પરત ફર્યા છે. મુક્ત કરાયેલા ભારતીય માછીમારો કાકદ્વીપ સબ ડિવિઝનના રહેવાસી છે. તેઓ આવતીકાલે સાગર દ્વીપ પરત ફરશે. જ્યાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમને મળશે.

## MANDAVIYA - SUNDAYS ON CYCLE NATION

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે, સાયકલ ચલાવવી એ પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે દરેક વ્યક્તિએ સાઇકલ ચલાવવી જોઇએ. શ્રી માંડવિયાએ આજે સવારે પોરબંદર જિલ્લાનાં ઉપલેટામાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ "સન્ડે ઓન સાયકલ" પહેલમાં ભાગ લીધો હતો.

ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાઇકલ અભિયાનનાં ત્રીજા સપ્તાહમાં આજે ઓલિમ્પિક ચંદ્રક વિજેતા લવલિના બોરગોહેન અને કોમનવેલ્થ ગેમ્સમાં ભૂતપુર્વ કુશ્તી ચેમ્પિયન સંગ્રામ સિંહે સાઇકલિંગને પોતાનો ટેકો આપ્યો હતો.

આજે દેશભરમાં ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત કાર્યક્રમો યોજાયા હતા. ગયા મહિને શરૂ થયેલા આ અભિયાન અંતર્ગત અત્યાર સુધી દેશનાં 2 હજાર 500 સ્થળોએ કાર્યક્રમ યોજાયા છે.

## NATIONAL SHOOTING CHAMPIONSHIP

ભારતીય સેનાના જવાન વરુણ તોમરે 67મી રાષ્ટ્રીય શૂટિંગ સ્પર્ધા 2024ની પુરુષોની 10 મીટર એર પિસ્તોલની ફાઇનલમાં જીત મેળવી રાષ્ટ્રીય શૂટીંગ ચેમ્પિયન બન્યા છે. આ સ્પર્ધામાં વરુણના સાથી ખેલાડી પ્રદ્યુમન સિંહે રજત જ્યારે રાજસ્થાનના આકાશ ભારદ્વાજે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સાથે વરુણ તોમરે પુરુષોની જુનિયર 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધા પણ જીતી લીધી છે.

પુરુષ વર્ગમાં યુવાઓની 10 મીટર એર પિસ્તોલ શ્રેણીમાં ઉત્તર પ્રદેશના ચિરાગ શર્માએ સુવર્ણ, દેવ પ્રતાપે રજત અને રાજસ્થાનના મયંક ચૌધરીએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધા નવી દિલ્હીના ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે યોજાઇ હતી.

## TEST MATCH

ટેસ્ટ ક્રિકેટમાં, ઓસ્ટ્રેલિયાએ સિડનીમાં રમાયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં ભારતને છ વિકેટથી હરાવ્યું હતું આ જીત સાથે જ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, 3-1થી જીતી લીધી છે. ઓસ્ટ્રેલિયાએ આજે ત્રીજા દિવસે 162 રનના લક્ષ્યનો સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.

આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-2025ની ફાઈનલ માટે સ્થાન સુનિશ્ચિત કર્યું છે. આ વર્ષે જૂનમાં રમાનારી ફાઇનલમાં તેનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે.

## CRIC-DISABLED-CHAMPIONS-TROPHY

ભારતીય દિવ્યાંગ ક્રિકેટ પરિષદ- DCCIએ દિવ્યાંગ ક્રિકેટ ચેમ્પિયન ટ્રોફી માટે 17 સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરી છે. DCCIની રાષ્ટ્રીય પસંદગી પેનલે જયપુરમાં સઘન તાલીમ શિબિર પછી ટીમની પસંદગી કરી છે. ભારતીય ટીમ પહેલી મેચ વિક્રાંત રવીન્દ્ર કેનીની કપ્તાની હેઠળ પાકિસ્તાન સામે રમશે. આગામી 12 તારીખથી શ્રીલંકામાં સ્પર્ધાનો પ્રારંભ થશે અને ફાઈનલ મેચ આ મહિનાની 21મીએ રમાશે.ઉલ્લેખની છે કે વર્ષ 2019માં દિવ્યાંગ ખેલાડીઓ માટેની ટૂર્નામેન્ટ બાદ પ્રથમ વખત આ ચેમ્પિયન્સ ટ્રોફી સ્પર્ધા યોજાઈ રહી છે.

## PBD-ODISHA

ઓડિશાના ભુવનેશ્વર ખાતેથી 18માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન 2025નો 8મી જાન્યુઆરીએ પ્રારંભ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 9મી તારીખે સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી વિશેષ પ્રવાસી ટ્રેન- પ્રવાસી ભારતીય એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. આ ટ્રેન દિલ્હીના નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને ત્રણ અઠવાડિયા સુધી ચાલશે. જેમાં પ્રવાસીઓને ભારતના અનેક પ્રવાસન અને ધાર્મિક સ્થળોની મુસાફરી કરાવાશે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કંગાલુ વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 10મી જાન્યુઆરીએ 18માં સમાપન સત્રની અધ્યક્ષતા કરશે. રાષ્ટ્રપતિ પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર 2025 એનાયત કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ત્રણ દિવસ સુધી ચાલનારા આ સંમેલનની વિષયવસ્તુ "વિકસિત ભારતમાં પ્રવાસી ભારતીયોનું યોગદાન" છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે 50થી વધુ દેશોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસી ભારતીયોએ નોંધણી કરાવી છે. દરમ્યાન યુવા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો કાર્યક્રમ 8મી જાન્યુઆરીએ યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા કરાશે.